ગાંધીનગર સમાચાર







**મહિલા સશક્તિકરણ** - ગાંધીનગર સહિત રાજ્યભરમાં મહિલા સશક્તિકરણ પખવાડિયું ઉજવાય છે... ગાંધીનગર મહિલા પ્રવૃત્તિથી આજકાલ ધમધમે છે... સુરક્ષા સેતુના નેજા હેઠળ મહિલા પ્લાટુનની પરેડ સાંજે મહાત્મા મંદિરથી ઘ-૪ સેન્ટ્રલ વીસ્ટાને ફરતે યોજાઈ હતી. મહિલા પોલીસ દ્વારા યોજાયેલ શિસ્તબદ્ધ પરેડનું નેતૃત્ત્વ શહેરના બાહોશ મહિલા પોલીસ અધિકારી મીની જોશેફે કર્યુ હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ હીનાબેન પટેલ, મેયર હંસાબેન મોદી સહિત મહિલા પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : દિપક જાની)

# ફોર વ્હીલરની નવી સીરીઝ માટે હરાજીમાં ચાર એક્કા નંબરના ૧.૨૬ લાખ ચુકવાયા

ગાંધીનગર તા ૩

ગાંધીનગર આર ટીઓ દ્વારા ફોર વ્હીલરની નવી સીરીઝ જી જે ૧૮ બી ઈ માટે પસંદગીના નંબરોને અનુલક્ષી હરાજીની પ્રક્રીયા યોજવામાં આવી હતી. હરાજીની આ પ્રક્રયાના અંતે આરી ટી ઓને રૂપિયા ૭.૩૩ લાખની આવક થઈ હતી. જયારે ૧૧૧૧ નંબર માટે અરજદારે રૂપિયા ૧.૨૬ લાખની ઉંચી રકમ ચુકવી હતી.

ગાંધીનગરનું જી જે ૧૮નુ પાસિંગ રૂઆબદાર માનવામાં આવે છે. બહારના શહેરમાં પણ આ પાસિંગ ધરાવતા વાહનને વિશેષ રીતે મોભાદાર ગણવામાં આવતુ હોવાનુ વાહનચાલકો માની રહયા છે. જયારે ન્યુમેરોલોજીની રીતે પણ ૧૮ના આંક સાથે કોઈપણ નંબરનો સરવાળો મુળ આંક સાથે મળતો હોવાથી પણ વાહનચાલકોને આ પાસિંગથી વાહન ખરીદવામાં વિશેષ રસ હોય છે.આર ટી ઓ કચેરી દ્વારા ફોર વ્હીલર માટે નવી સીરીઝ શરૂ કરવામાં આવી છે. જયારે જી જે ૧૮ બી ઈની આ સીરીઝને અનુલક્ષી પસંદગીના નંબરો માટે આર ટી ઓ કચેરી દ્વારા હરાજીની પ્રક્રીયા યોજવામાં આવી હતી. જેમાં ૮૧ અરજદારોએ ભાગ લીધો હતો. આ પૈકી ૪ ફોર્મ રીજેક્ટ થયા હતા.

**જી જે ૧૮ બી ઇ ની નવી સીરીઝના નંબરોની હરાજીમાં આર ટી ઓ ને ૭.33 લાખની આવક થઇ**

હરાજીની પ્રક્રીયા દરમિયાન પસંદગીના નંબરો મેળવવા માટે અરજદારોએ ઉંચી રકમ ચુકવી હતી. જેમાં ૧૧૧૧ માટે સૌથી વધુ ૧,૨૫,૯૯૯ રૂપિયા ચુકવાયા હતા. આ ઉપરાંત ૯૯૯૯ નંબર માટે ૭૪ ૬૨૭ ચુકવાયા હતાં જયારે માત્ર ૧૦ નંબર રૂ ૨૪,૮૬૬ માં ખરીદવામાં આવ્યો હતો. આ ઉપરાંત ૩૦૩, ૧૦૦૮, ૧૮૦૦, ૫૫૫૫, ૯૦૯ સહિતના નંબરો માટે ૧૧ થી ૧૫ હજારની કીંમત ચુકવવામાં આવી હતી. હરાજીની આ પ્રક્રીયાના અંતે આર ટી ઓ કચેરીને રૂપિયા ૭.૩૩ લાખની આવક થઈ હતી.

## આજે ગાંધીનગરમાં ડિઝીટલ ઈન્ડિયા અન્વયે કાર્યશાળા

ગાંધીનગર, તા.૩

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ મંગળવાર તા.૪ ઓગસ્ટે ગાંધીનગરમાં 'ડિઝીટલ ઈન્ડીયા-ડિઝીટલ ગુજરાત' અન્વયે જનપ્રતિનિધિઓ-ધારાસભ્યો માટે આયોજિત માર્ગદર્શક કાર્યશાળાનો પ્રારંભ કરાવશે. રાજય સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ દ્વારા સ્વર્ણિમ સંકુલ-૨ માં આવતીકાલે સાંજે યોજાનારી આ કાર્યશાળામાં આઈટી. ઈન્ફ્રાસ્ટ્રકચર, આઈ.ટી. એકટ-૨૦૦૦ તથા ઈલેકટ્રોનિક સર્વિસીસ ડિલીવરી રૂલ્સ, સાયબર સિકયુરિટી વિષયક માર્ગદર્શન ધારાસભ્યોને આપવામાં આવશે.

REQUIRED
STOCK MARKET LEADER
FOR NEW OFFICE
• Equity/Commodity Dealer : 2 Post
• Front Office Asst : 1 Post
0 to 3 yrs experience.
Deserving candidate will get best salary package.
Walk with full CV.
F-13 & 14, Megh Malhar, Sec.11, Opp. CNG Pump, G'nagar.
M. : 9974703401
mail : bestboi123@gmail.com

# શહેરના સરકારી આવાસોની છત ભયજનક

**પાણી ટપકતા રહીશો દયાજનક હાલતમાં : ઇન્કવાયરીમાં કોઇ હોતુ નથી તંત્ર પાસે મેન પાવર નથી : સરકારી આવાસોની છતમાં લીકેજીસની સમસ્યા ડામવા આગોતરુ આયોજન પણ કરાયુ નહી**





ગાંધીનગર તા ૩

શહેરના સરકારી આવાસોની હાલત આમ પણ ભયજનક છે. ત્યારે ચોમાસામાં વરસાદી દિવસો દરમિયાન સરકારી આવાસમાં રહેતા વસાહતીઓએ દયાજનક સ્થિતિમાં મુકાઈ જાય છે. ગત સપ્તાહમાં સતત વરસાદના લીધે

● અનુસંધાન પાન-૭ પર

# ગ્રાન્ટેડ શાળાઓના શિક્ષકોને મુખ્ય મથકોએ વસવાટ કરવા હુકમ

અમદાવાદ, તા.૩

ચાલુ વર્ષે ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાનું સરેરાશ પરિણામ ખુબ નીચુ આવતા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્ત માધ્યમિક શિક્ષણ બોર્ડ સફાળુ જાગ્યું છે. ત્યારે આ શાળાઓનું પરિણામ સુધારવા માટે શિક્ષકો ઉપર ગાળીયો કસવાની શરૂઆત થઈ ગઈ છે. શાળાના શિક્ષકોના અપ ડાઉન કરવા ઉપર પણ પ્રતિબંધ મુકી દીધો છે. હવેથી આ શિક્ષકોએ ફરજીયાત પણે શાળાના મુખ્ય મથક ખાતેજ નિવાસ કરવો પડશે. પ્રાપ્ત થતી માહિતી મુજબ

**શાળાઓના નબળા પરિણામો સુધારવા તાકીદ : શિક્ષણ વિભાગ દ્વારા વિશેષ કવાયત હાથ ધરવામાં આવી**

તાજેતરમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષાના નબળા પરિણામની સમિક્ષા કરવામાં આવી રહી છે. જેની તપાસ દરમિયાન નબળા પરિવાર પાછળ ગ્રાન્ટેડ શાળાના શિક્ષકોની ઘેરહાજરી અને અનિયમીનતા પણ કારણભુત હોવાનું જાણવા મળ્યું છે. બોર્ડની તપાસમાં સામે આવેલી હકીકતો મુજબ મોટાભાગની ગ્રામ્ય વિસ્તારની શાળાઓના શિક્ષકો ત્યાં રહેવાની જગ્યાએ આજુ બાજુના શહેરમાં વસવાટ કરીને શાળાના મુખ્ય મથક સુધી અપડાઉન કરતાં હોવાનું સામે આવ્યું છે. આ શાળાના શિક્ષકો મુખ્ય મથકે રહેતા ન હોવાથી તેઓ શાળામાં નિયમીત હાજરી આપી શકતા નથી.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં વૃક્ષોના ઉછેરમાં થ્રી-લેયર પધ્ધતિથી વાવણી કરવાનુ વિસરાયુ

ગાંધીનગર તા ૩

ગાંધીનગરમાં વરસાદી દિવસોમાં હરિયાળા વૃક્ષોનું નિકંદન વળી ગયુ છે. હજારો વૃક્ષોનુ અસ્તિત્વ ભુંસાઈ ગયુ છે. જેના પરિણામે પ્રકૃતિપ્રમીઓમાં ઘોર નારાજગી પ્રર્વતી છે. શહેરમાં હરિયાળા વૃક્ષોના જતન પૂર્વે થ્રી લેયર પધ્ધતિથી રોપાઓનુ વાવેતર કરવાનુ વિસરાતા પણ અનેક સમસ્યાઓ ઉદભવી હોવાનુ ધ્યાને આવ્યુ છે. જેમાં માર્ગ સાઈડ નાના તેમજ રહેણાંકના રસ્તા નજીકથી વન વિભાગની જગ્યામાં મોટા વૃક્ષો ઉછેરવાનુ આયોજન થયુ હતુ.

**રોડ સાઇડ નાના અને તબક્કાવાર મોટા તેમ વૃક્ષોના વાવેતરનુ આયોજન કરવામાં આવ્યુ હતુ**

ગાંધીનગરમાં છેલ્લા દોઢ દાયકામાં હરિયાળા વૃક્ષોનો સોથ વળી ગયો છે. નગર ગ્રીન સીટીની આગવી ઓળખ ગુમાવી બેરન સીટી બનવા તરફ હોવાનો સુર ઉઠવા પામ્યો છે. ત્યારે નગરને હરિયાળુ રાખવા આમ નાગરિકો વધુ જાગૃત બન્યા છે. પરંતુ રોપાઓની વાવણી બાદ વન વિભાગ દ્વારા યોગ્ય દરકાર ન લેવાતા ઘણાં ખરા રોપાઓનુ બાળમરણ થાય છે. ગત સપ્તાહ દરમિયાન વરસાદી વાયરામાં નગરમાં સેંકડો વૃક્ષો ધરાશાયી થયા હતા. જેમાં રોડ સાઈડના વૃક્ષોની સંખ્યા પણ વિશેષ હતી. જયારે રહેણાંક વિસ્તારમાં પણ ઘર આંગણે પણ કેટલાક તોતિંગ વૃક્ષો જમીન દોસ્ત થયા હતા. ત્યારે નગરજનોમાં વન વિભાગની વૃક્ષો ઉછેરવાની પધ્ધતિ સામે પણ આક્રોશ પ્રવર્તયો છે. નગરને હરિયાળુ બનાવવાની યોજનાના અમલીકરણ વેળાએ વિભાગ દ્વારા થ્રી લેયર પધ્ધતિ મુજબ રોપાઓની વાવણી ન થતા હાલ અનેક સમસ્યાઓ ઉદભવી છે. રોડ સાઈડના વૃક્ષો ઘણાંખરા તોતિંગ હોવાથી સ્ટ્રીટ લાઈટ તેમજ સાઈન

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. (મધુર ડેરી)ના મતદાર મંડળોની પ્રસિદ્ધિનું જાહેરનામુ

**ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૪૫-એ તથા (બી) (એ)ની જોગવાઈ અનુસાર હું આર. વી. વ્યાસ, પ્રાંત અધિકારી, ગાંધીનગર આથી ગુજરાત નિર્દિષ્ટ સહકારી મંડળીઓની સમિતિઓની ચૂંટણી બાબતના નિયમો-૧૯૮૨ના નિયમ-૪૩ અન્વયે નિયમ-૩ (એ)(૮) અન્વયે નિયમ-૩ (એ)(૯) થી મળેલ સત્તાની રૂઈએ નિયમ-૪૩ અન્વયે ગાંધીનગર જિલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લી.ના બોર્ડ ઓફ ડીરેક્ટરની ચૂંટણીના કામે નામદાર હાઈકોર્ટના માર્ગદર્શન મુજબ નીચે મુજબના મતદાર મંડળો જાહેર કરવા આથી હુકમ કરૂ છું.**

| મતદાર મંડળનો નંબર અને નામ | | મંડળમાં સમાવિષ્ટ મંડળીઓ |
|---|---|---|
| | ૧ | લક્ષ્મીપુરા દુધ ઉત્પા. સહ. મંડળી લી., તા.જિ. ગાંધીનગર |
| | ૨ | માધવગઢ (મ) દુધ ઉત્પા.સહ.મંડળી લી., તા.જિ. ગાંધીનગર |
| | ૩ | માધવગઢ દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૪ | સોરાબપુરા (મ) દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૫ | સાદરા દુધ ઉત્પા. સહ. મંડળી લી., તા.જિ. ગાંધીનગર |
| | ૬ | ચેખલારાણી દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૭ | દો.વાસણા (મ) દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૮ | બાપુપુરા દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| ૧-છાલા | ૯ | બોરીયા (મ) દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૧૦ | હરીપરા દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૧૧ | જાખોરા દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૧૨ | મોતીપુરા દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૧૩ | છાલા દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૧૪ | માતાપુરા દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૧૫ | મહાદેવપુરા(છાલા) દુધ ઉત્પા.સહ.મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૧૬ | કાનપુર દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૧ | ભુંડીયા (ધરમપુર) દુધ ઉત્પા.સહ.મંડળી લી. તા.જિ.ગાંધીનગર |
| | ૨ | લેકાવાડા દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૩ | આલમપુર દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૪ | પાલજ દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૫ | બાસણ દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૬ | બાસણ (મ) દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૭ | રામપુરા (પાલજ) દુધ ઉત્પા.સહ.મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| ૨-ચિલોડા (ડ) | ૮ | ચિલોડા દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૯ | સીહોલી દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૧૦ | મહુન્દ્રા દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૧૧ | ઈસનપુર દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૧૨ | શીવપુરા દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૧૩ | ધણપ દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૧૪ | દશેલા દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૧૫ | ગિયોડ દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૧ | પ્રાંતિયા દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૨ | મગોડી દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૩ | રામનગર યાદવનગર(મ) દુધ ઉત્પા.સહ.મંડળી લી.તા.જિ. ગાંધીનગર |
| | ૪ | ડભોડા દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૫ | ડભોડા (મ) દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૬ | વડોદરા દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૭ | અંબિકાનગર (મ) દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| ૩-ડભોડા | ૮ | ઈન્દીરાનગર (મ) દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૯ | ગલુદણ દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૧૦ | વાંકાનેરડા દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૧૧ | વાંકાનેરડા (મ) દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૧૨ | ફીરોજપુર દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૧૩ | રતનપુર દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૧૪ | લવારપુર દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૧ | વલાદ દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૨ | વલાદ (મ) દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૩ | ફુલપુરા દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૪ | જેઠીપુરા દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૫ | વજાપુરા દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૬ | પ્રભુપુરા દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૭ | ગોળવંટા દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| ૪-વલાદ | ૮ | નવાપુરા (મ) દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૯ | વિરાતલાવડી દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૧૦ | તાજપુર દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૧૧ | સોનારડા (મ) દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૧૨ | રાયપુર (મ) દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૧૩ | મેંદરા (મ) દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૧૪ | રણાસણ દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૧૫ | લીંબડીયા (મ) દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૧ | શાહપુર દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૨ | રાંદેસણ દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૩ | રાયસણ દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૪ | નવા કોબા (મ) દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૫ | કરાઈ દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૬ | નભોઈ (મ) દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| ૫-અડાલજ | ૭ | નાના ચિલોડા દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૮ | ભાટ દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૯ | સુઘડ દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૧૦ | અમિયાપુર (મ) દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૧૧ | અંબાપુર દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૧૨ | અડાલજ (મ) દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૧૩ | ઝુંડાલ (મ) દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૧૪ | ખોરજ (મ) દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૧ | ઈન્દ્રોડા (મ) દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૨ | બોરીજ દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૩ | કુડાસણ દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૪ | ભાઈજીપુરા દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૫ | ન્યુ પોર દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૬ | સરગાસણ દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| ૬-શેરથા | ૭ | તારાપુર (મ) દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૮ | જમીયતપુરા દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૯ | દંતાલી દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૧૦ | કસ્તુરીનગર દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૧૧ | શેરથા દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૧૨ | ઉવારસદ દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૧૩ | વાવોલ (મ) દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૧૪ | ગોકુળનગર દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૧ | આદિવાડા (મ) દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૨ | કોલવડા દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૩ | જયચામુંડાપુરા (મ) દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૪ | સોનીપુર દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૫ | આદરજ દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૬ | તારાપુર (કાકાનુ) દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| ૭-કોલવડા | ૭ | જલુંદ દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૮ | જામનગરપુરા દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૯ | ભોંયણ રાઠોડ દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૧૦ | ટીંટોળા (મ) દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૧૧ | કિસાન દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૧૨ | કરસનપુરા દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૧૩ | પુન્દ્રાસણ દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૧ | સરઢવ દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૨ | રૂપાલ દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૩ | વાસન દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૪ | ઉનાવા દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૫ | શક્તિનગર(મ) દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૬ | પીંડારડા દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| ૮-પેથાપુર | ૭ | પીંપળજ દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૮ | નવા પીંપળજ દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૯ | બાપુપુરા (પી) (મ) દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૧૦ | ફતેપુરા (મ) દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૧૧ | પેથાપુર (મ) દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૧૨ | સુરેલાનગર દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |
| | ૧૩ | રાંધેજા દુધ ઉત્પા.સહ. મંડળી લી. તા.જિ. ગાંધીનગર |

ઉપરોક્ત આઠ મતદાર મંડળો ઉપરાંત ૯ થી ૧૨ નંબરના ડીરેક્ટર માટે ૪ મતદાર મંડળો મહિલાઓ માટે અનામત રાખવામાં આવે છે. આ મહિલા માટેના ચાર અનામત મંડળોમાં મહિલા ચેરમેનશ્રીઓ જ ઉમેદવારી નોંધાવી શકશે તેમજ આ ચાર અનામત બેઠકો માટે તમામ સભાસદ મંડળીઓના ચેરમેનશ્રી / અધિકૃત પ્રતિનિધિશ્રીઓ મતદાન કરશે. જ્યારે સામાન્ય વર્ગના આઠ મંડળો માટે ફક્ત જે તે મંડળમાં સમાવિષ્ટ મંડળીના ચેરમેનશ્રીઓ જ ઉમેદવારી નોંધાવી શકશે તેમજ ટેકો આપનાર, દરખાસ્ત કરનાર અને વાંધો લેનાર પણ જે તે મંડળના જ રહેશે.

**સહી/-**
**ચૂંટણી સત્તાધિકારી**
**ગાંધીનગર સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., ગાંધીનગર**
**અને પ્રાંત અધિકારી, ગાંધીનગર**

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com